ગાંધીનગર સમાચાર
તા. ૧૬-૭-૨૦૧૩, મંગળવાર

## તંત્રી સ્થાનેથી.....

# મિશન-૨૦૧૪ મોદીને ફળશે ખરૂં?

જેમ જેમ સમય વીતતો જાય છે તેમ તેમ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના ઉજાગરા વધતા જાય છે. હવે છ કરોડ ગુજરાતીઓ પણ પાકે પાયે જાણી ગયા છે કે કૃષ્ણનો મથુરામાંથી જીવ ઊઠી ગયો હતો એમ સતત ત્રીજીવાર ચૂંટણી જીત્યા પછી મોદીને ગુજરાત અબખે પડી ગયું છે. કદાચ એ એમનું ભારત વિજયનું સપનું કોઈ કારણસર સાકાર ન કરી શકે તો પણ એમની હવે પછીની કારકિર્દી દિલ્હીં કેન્દ્રિત રહેશે. નર્મદ અને નરેન્દ્ર મોદી વચ્ચે દૃઢ સંકલ્પનું સામ્ય છેઃ 'ડગલું ભર્યું કે ના હટવું, ના હટવું; વેણ કાઢ્યું કે ના લટવું ના લટવું! સમજીને તો ડગલું મૂકવું મૂકીને ના બીવું....' મોદી હવે પીછેહઠ કરે એ વાતમાં માલ નથી, ભલેને પછી એમના જ પક્ષના ધુરંધરો અંદરખાને એમનાથી કતરાતા ફરતા હોય! ગોવાના મુખ્યમંત્રીને બાદ કરતાં ભાજપ શાસિત રાજ્યોના કોઈપણ મુખ્યમંત્રીને મોદીનું કદ વધે તે પસંદ નથી. રાજસ્થાનમાં વસુંધરા રાજેએ એમની સુરાજ યાત્રામાં મોદીને બોલાવવાનું ટાળ્યું છે. બીજી તરફ અડવાણીનાં રિસામણાં પછી અને જદ(યુ) અલગ પડ્યા પછી એનડીએ સાથે પ્રાદેશિક પક્ષો જોડાય તેવી શકયતા ધૂંધળી બની ગઈ છે. હવે એ દિલ્હી ભણી ડગલું ભરી ચૂક્યા છે. બનવાજોગ કે ધાર્યું નિશાન ન પણ પાડી શકાય (અને આંકડાનું ગણિત તો મોદી ધાર્યું નિશાન નહીં જ પાડી શકે એવું સૂચવે છે.) છતાં મોદીએ ખરા મનથી કેસરિયાં કરી જ દીધાં છે. એમણે રોઈટર જેવી આંતરરાષ્ટ્રીય સમાચાર સંસ્થા સમક્ષ અંગ્રેજીમાં બોલવાનો પ્રયત્ન કર્યો ત્યારે દેખીતું છે કે હિંદીમાં જેટલી સહજતા અને સ્પષ્ટતાથી રજૂઆત કરી શક્યા હોત એટલી આસાયેશ ન જ અનુભવે. ઉત્તર ગુજરાતના વિદ્યાર્થીઓનું ગણિત પાકું પણ અંગ્રેજી કાચું. મોદીએ પોતાને 'હિંદુ નેશનાલિસ્ટ' કહી દઈ ભારે મુસીબત વહોરી લીધી છે. શબ્દફેરે પોતે 'નેશનાલિસ્ટ હિંદુ' કે 'નેશનાલિસ્ટ ઈન્ડિયન' હોવાની વાત કરી હોત તો વિરોધીઓને આટલી હદે ઊહાપોહ કરવાની તક ન જ મળી હોત. સંઘને તો હિંદુ રાષ્ટ્રવાદી નેતા જ ખપે છે. 'હિંદુ રાષ્ટ્ર'ની હિમાયત એ બંધારણની છડેચોક અવહેલના છે. એક તરફ સંઘ દલિત-શોષિત સમાજને હિંદુ સમાજ સાથે સમરસ બનાવવા કૃતનિશ્ચય છે પરંતુ દલિતોના મસીહા ડો. બાબાસાહેબ આંબેડકરે હિંદુ વર્ણવાદ અને મનુસ્મૃતિના કટ્ટર વિરોધી હતા તે સર્વવિદિત છે. મુસલમાનોને રાષ્ટ્રવિરોધી ચીતરવાના પ્રયાસોથી આ દેશના હિંદુઓનું ધ્રુવીકરણ થશે એવા દિવાસ્વપ્નમાં રાચવાથી સંઘ કે એના લાડકા નેતાઓનું દળદર ફીટવાનું નથી. દેશની ગરીબ પ્રજા માટે સૌથી મોટો પ્રશ્ન તો પેટનો ખાડો પૂરવાનો છે. પેટ ખાતર વેઠ કરતો ગરીબ હિંદુસ્તાની મોદીના ભાષણ કરતાં સોનિયાના ફૂડ સિકયોરિટી બિલથી વધુ આકર્ષાશે. તાજેતરમાં હરિયાણા જેવા સમૃદ્ધ રાજયમાં એક માતાએ એના પેટમાં ઊછરતા બાળકને વેચવા કાઢ્યું છે. એણે એ બાળક દત્તક આપવા માટે છાપામાં જાહેરખબર આપી છે. મોદી હવે ઝંઝાવાતી પ્રવાસો કરી યુવાનોને પોતાની વાક્છટા અને વિકાસપુરુષ તરીકેની પ્રતિભાથી આંજી નાખવાની કોશિશ કરશે. પુણે ખાતે ફર્ગ્યુસન કોલેજના વિદ્યાર્થીઓ સમક્ષ એમણે ભાવિ વડાપ્રધાન કરે એવું જ ભાષણ કર્યું અને પોતે સત્તા નહીં પણ વિકાસના હિમાયતી હોવાની મુગ્ધ વયનાં તરુણોને ખુશખુશાલ કરી દે એવી વાત કરી. કેન્દ્ર સરકાર તમામ મોરચે નિષ્ફળ ગઈ હોવાની અને ભ્રષ્ટાચારમાં ગળાબૂડ હોવાની રજૂઆત કરીને આડકતરી રીતે પોતે આ પરિસ્થિતિમાં દેશના તારણહાર બની શખે એમ છે એવું ઠસાવવાનો પ્રયાસ કર્યો. શિક્ષણ 'મિશન'માંથી રૂપિયા રળવાનું 'મશીન' બની ગયાની વાત સાચી જ છે, પરંતુ મોદીની નજર સામે ગુજરાતમાં શિક્ષણ 'મિશન' રહ્યું છે ખરું? પરોપદેશે પાંડિત્યમ્ જેવી આ વાત છે. મોદીએ દિલ્હી વિજયનો અશ્વમેઘ યજ્ઞ આરંભ્યો છે, પરંતુ અશ્વમેઘના ઘોડાને તો યજ્ઞદેવીમાં હોમાઈ જ જવું પડતું હોય છે.

# અભિનય શિખવા માટે શિસ્ત, ધ્યાન અને એકાગ્રતા અત્યંત જરૂરી : સુરેશ રાજડા




ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર કલ્ચરલ ફોરમની કલ્ચરલ સ્કૂલ ઑફ ઍક્ટિંગનો ગુજરાતી તખ્તાના જાણિતા અભિનેતા અને મશહૂર નાટ્ય સંસ્થા આઈ.એન.ટી.ના વડા શ્રી સુરેશભાઈ રાજડાએ મંગલ દીપ પ્રગટાવીને શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત ગાંધીનગરના કલારસિક નાગરિકોને સંબોધતાં તેમણે જણાવ્યું હતું કે, 'અભિનય શિખવા માટે શિસ્ત, ધ્યાન અને એકાગ્રતા અત્યંત જરૂરી છે. અભિનયની તાલીમથી બાળકો અને યુવાનોની આંતરિક શક્તિ નિખરશે. કલા જ જીવન છે.'

છ મહિના માત્ર અભિનયની જ શાળા ચાલે એ ભગીરથ કાર્ય છે, એમ કહીને શ્રી સુરેશ રાજડાએ જણાવ્યું હતું કે, 'સારા અભિનેતા થવા વાંચન અત્યંત આવશ્યક છે. નિરિક્ષણ - અવલોકન શક્તિ પણ એટલી જ જરૂરી છે. જીવનમાં જે અનુભવ્યું, જોયું, જાણ્યું હોય એનો સમાવેશ કલાકારે પોતાની કલામાં કરવાનો હોય છે. હૃદયમાં સંઘરાયેલી સ્મૃતિઓ જ ચિત્ર, સંગીત કે અભિનય સ્વરૂપે બહાર આવે છે.' તેમણે સહુને તાલીમ વર્ગમાં ઉત્સાહભેર અભિનય શિખવા પર ભાર મુક્યો હતો.

પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ જાણાવ્યું હતું કે, 'અભિનય કલા જીવન જીવવાની ખુમારી આપે છે. પૂ. ગાંધીજીના જીવન ઘડતરમાં પણ 'સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર' નાટક નું મોટું યોગદાન હતું. ફ્રાન્સની ક્રાંતિ પણ શેરી નાટકોને આભારી છે.'

માહિતી અધિકાર આયોગના કમિશનર શ્રી વી.એસ. ગઢવી એ ગાંધીનગર કલ્ચરલ ફોરમની પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગના સચિવ શ્રી ભાગ્યેશભાઈ જહાએ અભિનયની પરકાયા પ્રવેશની ક્ષમતા વિષે સમજણ આપતાં જણાવ્યું હતું કે, પાત્ર સાથેનું અદ્વૈત તાકાત આપે છે. ભગવાને વાણી આપી છે તેનો ઉપયોગ લોકો પોતાના વિચારો સંતાડવામાં કરે છે. અભિનય માણસને સંવેદનશીલ બનાવે છે, જેણે કલાની ઉપાસના કરવી છે એણે દર પંદર દિવસે એકવાર ધોધમાર રડવું જોઈએ. અભિનય એટલે સંવેદનશીલતાનું લોક શિક્ષણ.

આ પ્રસંગે સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલના પ્રિન્સિપાલ ફાધર હેક્ટર પિન્ટો અને શિવરંજની કલા સંસ્થાના પ્રમુખ શ્રી વાગ્મિનભાઈ બુચ પણ ઉપસ્થિત રહ્યા હતા.

શુભારંભ સમારોહના પ્રારંભે ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાન્ત જહાએ કલ્ચરલ ફોરમનો મુખ્ય ઉદ્દેશ વર્ણવતાં જણાવ્યું હતું કે, 'આવનારી પેઢીમાં કલા-સાહિત્ય અને સર્જનશીલતાનું સિંચન થાય એ માટે પ્રયત્નો કરાઈ રહ્યા છે.' શ્રી સુરેશભાઈ રાજડા જેવા કલાકારોતરફથી સતત મળી રહેલ પ્રોત્સાહન બદલ તેમણે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

કલ્ચરલ ફોરમના મહામંત્રી અને પીઢ કલાકાર શ્રી પ્રકાશભાઈ લાલાએ કલ્ચરલ સ્કૂલ ઑફ ઍક્ટિંગ વિષે વિસ્તૃત સમજણ અને માર્ગદર્શન આપ્યું હતું. તેમણે સહુ તાલીમાર્થીઓને તા. ૧૭ મી જુલાઈએ સાંજે ૬:૦૦ વાગ્યે સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, સેક્ટર-૮, ગાંધીનગર ખાતે ઓરિએન્ટેશન વર્ગ માટે ઉપસ્થિત રહેવા જણાવ્યું હતું.

સમારોહનું સંચાલન કરતાં ગાંધીનગર કલ્ચરલ ફોરમના ટ્રસ્ટી શ્રી હિરેન ભટ્ટે જણાવ્યું હતું કે ટેલિગ્રાફ - તાર પધ્ધતિનો આજે છેલ્લો દિવસ છે ત્યારે ગાંધીનગર કલ્ચરલ ફોરમ હૃદયના તારને અંદરથી ઝંકૃત કરે એવી સ્કૂલ ઑફ એક્ટીંગ શરૂ કરી રહ્યું છે.

આ પ્રસંગે ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટીચર્સ એજ્યુકેશન, ગાંધીનગરના યુવાન કલાકારોએ 'સારે જહાં સે અચ્છા' નાટિકાની પ્રસ્તુતિ કરી હતી. જ્યારે અમદાવાદના જાણિતા કલાકાર શ્રી નિસર્ગ ત્રિવેદી અને શ્રી હેમાંગ દવેએ જ્યોતિન્દ્રભાઈ દવે લિખિત નિબંધ 'ઘેલા કાકા' નું નાટ્ય રૂપાંતરણ પ્રસ્તુત કર્યું હતું. જેને લોકોએ મનમૂકીને માણ્યું હતું.



સાહેબ, ધન્યવાદ. અમે એક પ્રખર અર્થશાસ્ત્રીને વડાપ્રધાન તરીકે ચૂંટયા તેમાં રૂપિયાનું ખાલી અવમુલ્યન જ થયું બાકી બીજો હોત તો રામ જાણે શું થાત...!!

# ગુજરાતનો રજવાડી વારસો : પુસ્તક વિમોચન

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આજે ગુજરાતની ઐતિહાસિક ગૌરવ વિરાસતને ઉજાગર કરતા ત્રણ પુસ્તકોનું વિમોચન કર્યું હતું. તેમણે (૧) ડો. મકરંદ મહેતા લિખિત ગુજરાતનો રજવાડી વારસો (૨)ડો. રસેશ જમીનદાર લિખિત ગુજરાતના સ્થળ નામનો સાર્થકોષ અને (૩) શ્રી નવીનચન્દ્ર પારેખ લિખિત ઉગતા રહેજો ભાણેના પુસ્તક પ્રકાશન અને વરિષ્ઠ સાહિત્યસર્જકોને ઐતિહાસિક આલેખન માટે અભિનંદન આપ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ દરેક સમાજ અને નાગરિક માટે તેના મૂળ અને ઈતિહાસ માટે ગૌરવ હોવું જોઈએ તેની ભૂમિકા આપી જણાવ્યું કે ભારતના રજવાડા અને રાજવી શાસનોના સામાજિક, આર્થિક અને રાજકીય પાસાઓનું વિશ્લેષણ હજુ સમાજથી અજાણ છે. રજવાડી વારસો માત્ર રાજવીઓની વંશાવલી કે પરાક્રમો નથી પણ તત્કાલિન જીવનનું દર્શન કરાવે તે વિરાસત છે. આપણા રાજ્યમાં દેશના સૌથી વધુ સૂર્યમંદિરો છે. સૂર્યદેવતાની આરાધના અને પર્યાવરણ વિશે આપણા પૂર્વજો એ જે જ્ઞાનસંપદા આપી છે તે અનન્ય છે. ગુજરાતમાં દરેક ગામ-નગર અને સ્થળનો ઈતિહાસ, જન્મદિવસ ઉજવવો જોઈએ. આપણી વિરાસતનું ગૌરવ આપણે કરવું જોઈએ એમ તેમણે જણાવ્યું હતું.

ગુજરાત સરકારે પોલીસસેવાઓના ઈતિહાસનું સંશોધન હાથ ધર્યું છે તેનો ઉલ્લેખ કરી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે ગુજરાતમાં મહેસૂલી વહીવટના સુધારાનો ક્રમિક ઈતિહાસ-દસ્તાવેજ પણ હાથ ધરેલો છે. વરિષ્ઠ લેખકોને આવા ચિરંજીવ ઈતિહાસ વારસાના પુસ્તકોનું આલેખન કરવા માટે તેમણે અભિનંદન આપ્યા હતા. આ પ્રસંગે યુવકસેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના મંત્રીશ્રી રમણભાઈ વોરા અને સચિવશ્રી ભાગ્યેશ જહા ઉપસ્થિત હતા.

# શિક્ષણ જગતમાં શિક્ષકોના નવતર અભિગમનો પ્રારંભ

અમદાવાદ, તા. ૧૫

દિવ્યપથ કેમ્પસ સ્કુલ મેમનગર ખાતે શિક્ષક ડૉ. અશોક પટેલે શાળા કક્ષાએ શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓમાં માનવીય મૂલ્યો વિકસાવવાના નવતર અભિગમરૂપે વર્કશોપ યોજી પોતાનો ૫૦મો જન્મદિન ઉજવ્યો હતો.

અમદાવાદ, ખેડા, આણંદ, મહેસાણા અને ભરૂચના કુલ ૫૮ શિક્ષકોએ શાળા કક્ષાએથી જ બાળકોમાં પ્રામાણિકતા, નિયમિતતા, નિષ્ઠા, શિસ્ત અને સામાજિકતાના મૂલ્યો કેવી રીતે વિકસાવવા તે અંગે વિચાર વિમર્શ કર્યો હતો. આ શિક્ષકોએ પોતાના જન્મદિનની ઉજવણી આવા જ કોઈ મૂલ્યવર્ધિત અભિગમથી ઉજવવાનું નક્કી કર્યું હતું.

શિક્ષકોના આ નવતર અભિગમને બિરદાવતા શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ જણાવ્યું હતું કે, સમાજ ઘડતરની જવાબદારી શિક્ષકના શિરે છે. બાળ માનસમાં સંસ્કારનું સાતત્ય રોપવાથી તે સ્વભાવ બની જાય છે. આ માટે શિક્ષકોએ પોતે પણ અનુકરણીય બનવું પડશે. વિદ્યાર્થીઓમાં જ્ઞાન અને માહિતી સાથે પ્રામાણિકતા, નિયમિતતા, નિષ્ઠા, શિસ્ત અને સામાજિકતાના નૈતિક માનવીય મૂલ્યો કેળવવા શિક્ષકોને તેમણે અનુરોધ કર્યો હતો.

ઈ-ટેકનોલોજીના જમાનામાં માનવીય મૂલ્યો વિકસાવવા તૈયાર થયેલા શિક્ષકોને મંત્રીશ્રીએ નરસિંહ મહેતાના ભજન 'વૈષ્ણવજન તો તેને રે કહીએ...' અને મનુષ્ય ગૌરવગાન 'મનુષ્ય તુ બડા મહાન હૈ..' ને વિદ્યાર્થીઓને સમજાવવા તેમજ જીવનમાં ઉતારવા માટે ભારપૂર્વક જણાવ્યું હતું.

ઉચ્ચ શિક્ષણ કમિશનર શ્રીમતી જયંતી રવિએ, શિક્ષકોના આચરણને વિદ્યાર્થીઓ ઝીલીને જીવનમાં ઉતાર છે. આદર્શ શિક્ષકોને વિશેષ જવાબદારી ભરી કામગીરી માટે અભિનંદન આપી ઉમેર્યું હતું કે, પ્રમાણિક અને નિષ્ઠાવાન યુવા પેઢીને ઉર્જાવાન કરવાનું કામ શિક્ષકોનું છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેન વરસાણીએ શિક્ષકોના આ નવતર અભિગમને સાર્વત્રિક કરવા જેવો ગણાવ્યો હતો. અમદાવાદ ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારી એમ.એમ. જાની, સંસ્થાના નિયામક સંજય પટેલ, પ્રમુખ જયદેવ સોનગરા તેમજ ઉપસ્થિત સૌ શિક્ષકોએ આ પ્રસંગે આઈ.ટી.આઈ. પ્રવેશ પરીક્ષામાં ભારતમાં કુલ ૧૧૩૯ વિદ્યાર્થીઓમાંથી ૧૫મી રેંક આવી ગુજરાતને ગૌરવ અપાવનાર દિવ્યપથ કેમ્પસના વિદ્યાર્થી સોહમ ગણાત્રાનું સન્માન કર્યું હતું.

# ગાંધીનગરમાં રક્તદાન કેમ્પ દરમિયાન લાયોનેસ કલબની બહેનોનું રક્તદાન




રોટરી કલબ ઑફ ગાંધીનગર, રોટરી કલબ ઑફ કેપિટલ, લાયોનેસ કલબ ઑફ ગાંધીનગર અને જૈન સોશિયલ ગૃપ તથા જેસીઝના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં ગાંધીનગર ખાતે રક્તદાન કેમ્પ યોજાઈ ગયો. લાયોનેસ કલબની બહેનો એ પણ આ કેમ્પ દરમિયાન રક્તદાન કર્યું હતું.

ગાંધીનગરના યુવાન રક્તદાતા શ્રી સુકેતુભાઈ મહેતાએ આ કેમ્પ અંદાજિત ૧૧૮ મી વખત રક્તદાન કરીને ગાંધીનગરમાં નવો કિર્તીમાન પ્રસ્થાપિત કર્યો છે. આ પ્રસંગે શ્રી રોટરી કલબના પ્રમુખ શ્રી રાહુલ મહેતા, લાયોનેસ કલબના પ્રમુખ શ્રીમતી આરતીબેન ભટ્ટ, તથા અન્ય મહેમાનો અને સહયોગી સંસ્થાઓના પદાધિકારીઓ - સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જાણીતા સર્જક- સમાજચિંત ડૉ. કેશુભાઈ દેસાઈનું સંતરામપુર કૉલેજમાં પ્રવેશોત્સવ પ્રસંગે વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૧૫

વાર્તાકાર- નવલકથાકાર અને સમાજચિંતક ડૉ. કેશુભાઈ દેસાઈએ અષાઢી બીજના રોજ આદિવાસી આર્ટસ એન્ડ કૉમર્સ કોલેજ, સંતરામપુર ખાતે સાહિત્યકારનું સામાજિક દાયિત્વ વિષય પર મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. ડૉ. કેશુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, કોઈ પણ સર્જક એના સમય અને સમાજને વફાદાર રહ્યા વિના કાલજયી બની શકે નહીં. એમણે વાલ્મીકી, વ્યાસ, કાલિદાસ અને લીઓ ટૉલ્સ્ટૉય ઉપરાંત શરદચંદ્ર, રવીન્દ્રનાથ, પ્રેમચંદ અને ગોવર્ધનરામ સહિતના અનેક લેખતો -કવિઓનાં ઉદાહરણ આપી નવી પેઢીમાંથી સમાજને જવાબદાર એવા સર્જકો મળી રહેશે એવી શુભેચ્છા વ્યકત કરી હતી.

સમારંભનું સ્વાગત પ્રવચન કૉલેજના યુવાન આચાર્ય ડૉ. અભય પરમાર તથા ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. શંકરલાલ પ્રજાપતિએ કર્યું હતું. વકતાનો વિશિષ્ટ પરિચય નિવૃત્ત કાર્યકારી આચાર્ય ખંડુભાઈ પરમારે આપ્યો હતો અને આભાર દર્શન કૉલેજના અધ્યાપક ડૉ. વહુનિયાએ કર્યું હતું. સમારંભનું સંચાલન ડૉ. નીતિન પંડ્યાએ કર્યું હતું.

ડૉ. કેશુભાઈ દેસાઈએ આદિવાસી વિદ્યાર્થીઓને એમની વિશિષ્ટ જનજાતીય પરંપરાઓ જીવંત રાખી એકવીસમી સદીના પડકારો ઝીલવા આહ્વાન કરતું દોમ દોમ દાહોદ ગીત પણ રજૂ કર્યું હતું. મુખ્ય વક્તાની સાથે સાબરકાઠાંના કવિ ભીખુભા ઝાલા, કનુભાઈ પટેલ અને ગાંધીનગર સાહિત્ય સભાના મૂળજીભાઈ પરમાર જોડાયા હતા. સંતરામપુર કૉલેજના ઈતિહાસમાં પ્રવેશોત્સવ પ્રસંગે આવું મુગ્ધકર વ્યાખ્યાન યોજવા બદલ સંચાલક મંડળે આચાર્યને અભિનંદન પાઠવ્યા હતા. વ્યાખ્યાન પછી નદીનાથ મહાદેવ અને કડાણા ડેમની મુલાકાતથી સર્જકવૃંદ સહિત અધ્યાપકોએ આષાઢી હેલીની મજા માણી હતી.

# UPSC પરિક્ષાની ON-LINE તૈયારી!

**જ્ઞાન કળશ**
- મૌલિક દવે

મિત્રો, આજના આ સ્પર્ધાત્મક યુગમાં ટેકનોલોજી આપણને દરેક ક્ષેત્રે ખૂબ જ મદદરૂપ નિવડે છે. આજ ટેકનોલોજી UPSC, GRE, GATE જેવી ઘણી સ્પર્ધાત્મક વિષયોની તૈયારી કરવામાં પણ મદદરૂપ થઇ શકે છે. UPSC ની વાત કરીએ તો IAS, IPS બનવા માગતાં વિદ્યાર્થી મિત્રો માટે ઘણી વેબસાઇટ ઉપલબ્ધ છે. જેનો ઉપયોગ કરી તેઓ ખુબ જ જ્ઞાન અને પરિક્ષાની સારી તૈયારી કરી શકે છે. આજે આપ સૌને મદદરૂપ થઇ શકે તે માટે કેટલીક વેબસાઇટ વિશેની માહિતી અહિં આપેલ છે.

(1) www.mrunal.org : આ વેબસાઇટમાં ખૂબ જ સરળ રીતે મુદ્દાસર દરેક વિષયવાર માહિતી આપેલ છે, તથા સફળ વિદ્યાર્થીઓનાં ઇન્ટરવ્યુ પણ આપવામાં આવેલ છે. જે ઘણા મદદરૂપ થઇ શકે.

(2) www.clearias.com : clearias એ એક સંપૂર્ણ UPSC ની તૈયારી કરવા માટે બનાવેલ વેબસાઇટ છે. દરેક વિષયવાર સંપૂર્ણ માહિતી. IAS ની mains તથા Prelims પરીક્ષા વિશે માહિતી તથા વિદ્યાર્થી મિત્રોના ઇન્ટરવ્યુ પણ.

(3) www.halfmatr.com : આ વેબસાઇટ પર જૂના વર્ષોના પરિક્ષાના પેપર તથા તેના ઉત્તરો પણ મળી રહેશે. સાથે સાથે બ્લોગ, G.K અને ઇન્ટરવ્યુ ટીપ્સ તો ખરી જ.

અહીં, વાત કરવામાં આવેલ ત્રણ વેબસાઇટ ઉપરાંત પણ ઘણી જ વેબસાઇટ આવેલ છે. જેનો તમે વિસ્તૃત અભ્યાસ www.freerair.com પણ કરી શકો છો.

- maulikdave05@gmail.com

# શિક્ષણ સંસ્થાઓ અને એની ગરિમા

**કેમ્પસ**
- ધ્વનિલ પારેખ

આ દેશમાં અને ગુજરાત રાજયમાં અનેક એવી શૈક્ષણિક સંસ્થાઓ આવેલી છે કે જેની ખ્યાતિ અને ગરિમા વિશ્વ વિખ્યાત હતાં, અને છે. પ્રાચીન ભારતની ગુરુકુલ પ્રથાએ તો વિશ્વમાં એક જૂદું આકર્ષણ ઊભું કર્યું હતું. આજે પણ શિક્ષણની વાત આવે છે ત્યારે નાલંદા, તક્ષશિલા અને વલ્લભી વિદ્યાપીઠોની દુહાઇ આપવામાં આવે છે. એ પછી પણ ભારતમાં અનેક એવી શૈક્ષણિક સંસ્થાઓ અસ્તિત્વમાં આવી કે જેની સાથે એક જુદો ઇતિહાસ સંકળાયેલો છે.

રવીન્દ્રનાથ ટાગોરની શાંતિનિકેતનનું એ રીતે સ્મરણ થાય. પોતાની શિક્ષણ પ્રણાલી પ્રમાણે અને પોતાનાં શૈક્ષણિક અનુભવોને આધારે રવીન્દ્રનાથે શાંતિનિકેતનનું સર્જન કર્યું. પ્રકૃતિ સાથે તાદાત્મય કેળવીને અભ્યાસ કરવાની અને મોટ ભાગની કલાઓનાં સમન્વયની શૈલી અહીં એમણે ઊભી કરી હતી. નગીનદાસ પારેખ, પ્રહલાદ પારેખ જેવા ઘણા ગુજરાતી સર્જકોએ આ શાંતિ નિકેતનનો લાભ લીધો હતો. શાંતિનિકેતનની જે ગરિમા હતી એ હવે આજે કયાં છે? સ્વતંત્રતાની ચળવળમાં દેશના યુવાનો મોટી સંખ્યામાં ભાગ લે અને એ માટે એમને એક પ્લેટફોર્મ માટે એ હેતુથી ગાંધીજીએ ૧૯૨૦ માં ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી. ગ્રામ વિકાસ અહીં કેન્દ્રમાં હતો અને આજે પણ છે. વિદ્યાર્થીના શૈક્ષણિક ઘડતરની સાથે જીવન ઘડતરની એક જુદી શૈલી અહીં છે. પરંતુ આજે જે પ્રકારની શિક્ષણની હાટડીઓ ખુલી રહી છે અને ત્યાં જે ફાઇવસ્ટાર ચમકદમક વાળું શિક્ષણ આપવામાં આવે છે એની સામે વિદ્યાપીઠ જેવી સંસ્થા સાચી દિશામાં હોવા છતાં અને કદાચ એ સાચી દિશામાં છે એટલે જ ટકી રહી છે ઉમાશંકર જોષી, સુંદરમ્, કાકાસાહેબ કાલેલકર જેવા ગુજરાતી સાહિત્યના શિરમોર સર્જકો ગુજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ હતા. જોડણી માટે માન્ય ગણાતો 'સાર્થ જોડણીકોશ' પણ ગુજરાત વિદ્યાપીઠની દેણ છે.

ગુજરાત યુનિવર્સિટીનો ઇતિહાસ પણ ગરિમાયુક્ત છે. જ્ઞાનપીઠ વિજેતા ગુજરાતી સાહિત્ય સર્જક ઉમાશંકર જોષી આ યુનિવર્સિટીના એક સમયે કુલપતિ હતા. યુનિવર્સિટીના મુખ્ય કાર્યાલયનું સ્થાપત્ય આજે પણ એના ગરિમાયુક્ત ઇતિહાસની ગવાહી આપે છે. દૂરથી ગુજરાત યુનિવર્સિટીનું ટાવર નજરે પડે છે એટલી એની ઊંચાઇ હતી. ઊંચાઇ કહું છું ત્યારે એ તમામ અર્થમાં આવી જાય છે. પણ આજે એવું નથી લાગતું કે ગુજરાત યુનિવર્સિટી રાજકીય અખાડો બની ગઇ છે? છાપામાં પ્રગટ થતા સમાચારો સતત આ વાતને જ પુષ્ટી નથી આપતા? ભાવનગરની શામળદાસ કોલેજ - ગાંધીજીએ જયાં શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું એ સંસ્થા ગાંધીજીના નામ સાથે સંકળાયેલી કેટલી શૈક્ષણિક સંસ્થાઓ આ રાજયમાં અને દેશમાં છે. નાગપુર પાસેની વર્ધા હિન્દી વિશ્વ વિદ્યાલય પણ જાણીજી છે. આપણે સ્વતંત્ર નહોતા ત્યારે પણ ગાંધીજીએ શિક્ષણનું મૂલ્ય બરાબર સમજાયું હતું અને એટલે જ એમણે સમયાંતરે દેશમાં શૈક્ષણિક સંસ્થાઓનો વિકાસ થાય એમાં રસ લીધો હતો.

જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી, નવી દિલ્હીની પણ એક જુદી ઓળખ છે. કંઇ કેટલાયે પ્રકારના અભ્યાસક્રમો આ યુનિવર્સિટીમાં ચાલે છે. જે.એન.યુ.ના અધ્યાપક હોવું કે જે.એન.યુ. ના વિદ્યાર્થી હોવું એ પાછી અલગ ગૌરવવંતી બાબત છે. આજે શૈક્ષણિક માળખામાં જો કોઇ બહુ મોટો ફેરફાર આવતો હોય અથવા તો સરકાર એ ફેરફારને આવકારવાની હોય તો એમાં મોટા ભાગની પહેલ જે.એન.યુ.માંથી થઇ હોય એવું ઘણી વખત બનવા પામ્યું છે. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી) જેવી રાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થાએ દેશમાં શિક્ષણના વિકાસ માટે અનેક પ્રયત્નો કર્યા છે. શિક્ષણની ગુણવત્તા સુધરે એ માટે પણ એ સતત પ્રયત્નો કરતી રહે છે. સર્વપલ્લી રાધાકૃષ્ણનથી માંડીને પ્રો. યશપાલ સહિત ઘણા વિચારવંત વ્યક્તિઓ યુજીસીના ચેરમેનદપદે રહી ચૂકી છે અને એટલે જ એ સંસ્થા આજ સુધી ચેતનવંતી રહી છે. છેલ્લા થોડા વર્ષોથી યુજીસીએ અધ્યાપકોના સંશોધન માટે ઘણી બધી આર્થિક સહાય યોજનાઓ અમલમાં મુકી છે અને એ દ્વારા એ સંશોધનના ક્ષેત્રે પણ કશુંક નવું કરવા માગે છે.

શિક્ષણ સંસ્થાઓ એની વિચારધારા, ત્યાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને ત્યાં ભણાવતાં અધ્યાપકો થકી એક ઓળખ ઊભી કરે છે. આ ત્રણે જયાં સુધી સબળ હોય છે ત્યાં સુધી શિક્ષણ સંસ્થાઓ પોતાની ગરિમા જાળવી શકતા હોય છે, અન્યથા રકાસ થતો જોવા મળે છે.